## <u>સ્પીચ</u>

**<u>માન.અધ્યક્ષ શ્રી</u>**,

આ સદરના માધ્યમથી જણાવવા માંગુ છુ કે,સુરતની "ડોનેટ લાઈફ" સંસ્થા કે જેનું સંચાલન મારા મિત્ર શ્રી નિલેશ માંડલેવાલા કરી રહ્યા છે તેમની સંસ્થા દ્વારા સુરત તથા દક્ષિણ ગુજરાત માંથી આજદિન સુધીમાં ૧૨૦૫ અંગો અને ટીસ્યુઓના દાન કરાવવામાં આવ્યા છે, જેના દ્વારા દેશ-વિદેશના ૧૧૦૬ જેટલા દર્દીઓને નવજીવન મળ્યુ છે.

મને જણાવતા આનંદ થાય છે કે ગુજરાતમાં સૌ પ્રથમ વખત બાળકના અંગદાન કરાવવાની શરૂઆત સુરતથી કરાવવામાં આવી હતી,જેમા દેશમાં સૌથી નાની ઉંમર(૧૪ મહિનાના) બાળકના હ્રદયનું દાન,સૌથી નાની ઉંમરના (અઢી વર્ષના) બાળકના મલ્ટીપલ અંગોનું દાન તેમજ દેશમાં સૌથી નાની ઉંમરના (૧૪ વર્ષના) બાળકના બંન્ને હાથનું દાન પણ સુરતથી કરાવવામાં આવ્યું.

**<u>માન.અધ્યક્ષશ્રી</u>**,

હું વિશેષ જણાવવા માંગુ છુ કે ટેક્ષટાઈલ અને ડાયમંડ સીટી તરીકે ઓળખાતુ સુરત શહેર હવે દેશમાં ઓર્ગન ડોનર શહેર તરીકે ખ્યાતી પામી રહ્યુ છે.